SECOND CATECHISM.

સવાલ જવાબની

બીજી પોથી.

[illegible] (Revised) Edition 3,000 Copies.
Total Copies 38,000.



સુરત:
ગુજરાતની પુસ્તકપ્રસારક મંડળીને સારૂ
આઇરિશ મિશન છાપખાનામાં
જે. એફ. સ્ટીલે છાપી તથા પ્રસિદ્ધ કરી.

ઇ. સ. ૧૯૧૬.

કિમ્મત ૧ આનો.

SECOND CATECHISM

સવાલ જવાબની બીજી પોથી.

ખ્રીસ્તી ધર્મનાં પ્રમાણ વિષે.

૧. તમારે વિશેષે કરીને શી શી વાતો પર ધ્યાન રાખવું જોઇએ?

મારે વિશેષ કરીને પરમેશ્વર તથા તેના પ્રગટ કરેલા ધર્મની વાતો પર ધ્યાન રાખવુ જોઇએ.

૨. પરમેશ્વર વિષેનુ જ્ઞાન આપણને શી રીતે મળે?

તેનાથી પેદા થએલી સૃષ્ટિ પરથી કેટલુક જ્ઞાન મળે છે, પણ ખાસ કરીને તેના આપેલા સતશાસ્ત્રથી તેના વિષે જોઇએ તેટલુ જ્ઞાન મળે છે.

૩. સૃષ્ટિ પરથી પરમેશ્વર વિષે શુ શીખી શકાય છે?

જેમ ઘર જોયાથી આપણને ખાતરી થાય છે કે તે પોતાની મેળે થયું નથી, તેમ આ સૃષ્ટિને જોયાથી માલમ પડે છે કે તેનો કોઈ મોટો બનાવનાર તથા નિભાવનાર છેજ.

૪. સૃષ્ટિ વિષે વિચાર કર્યાથી તેના પેદા કરનારના ગુણ વિષે શું શીખી શકીએ?

સુરજ, ચંદ્ર તથા તારાઓ વિષે વિચાર કર્યાથી સમજીએ છીએ કે તેમનો પેદા કરનાર અપાર મોટો, પરાક્રમી તથા જ્ઞાની છે; તેમજ આપણા સુખને અર્થે તે આપણને અન્ન,

પાણી, વસ્ત્રાદિ વસ્તુઓ આપે છે, તેથી તે ઘણો કૃપાળુ છે, એવું આપણે શીખીએ છીએ

૫. સત્શાસ્ત્ર કોનાથી રચાયું ?

કેટલાક ઈશ્વરભક્તો, કે જેઓને પરમેશ્વરે પોતાના પવિત્ર આત્મા વડે ધર્મ સંબંધીનું ખાસ જ્ઞાન આપ્યું હતું, તેઓએ, પોતાની બુદ્ધિથી નહિ પણ પવિત્ર આત્માની પ્રેરણાથી, જુનો તથા નવો કરાર, જે બાઈબલ કહેવાય છે, તે સત્શાસ્ત્ર રચ્યું.

૬. જુનો કરાર ક્યારે ને કયી ભાષામાં લખાયો ?

થોડા અધ્યાય સિવાય તમામ જુનો કરાર હેબ્રી ભાષામાં ખ્રીસ્તના જન્મ પહેલા લખાયો. તેમાં ઓગણચાળીસ પુસ્તક છે.

૭. નવો કરાર ક્યારે ને કયી ભાષામાં લખાયો ?

નવો કરાર ખ્રીસ્તના આકાશગમન થયા પછી ગ્રીક ભાષામા લખાયો. તેમાં સત્તાવીસ પુસ્તક છે.

૮. બાઈબલ પરમેશ્વરની વાત છે, એનુ પ્રમાણ શુ ?

પરમેશ્વર છે, ને વળી એકજ છે, તે સઘળા સદ્ગુણોથી ભરપૂર છે, તેમજ માણસનો ધર્મ, પાપની ભુંડાઇ તથા તેથી ઉપજતું દુ:ખ, વળી પાપથી બચવાનો ખરો ઉપાય; એવી વાતો વિષે જે બોધ આ સત્શાસ્ત્રમાં મળે છે તે એવો ઉત્તમ તથા મનને શાંતિ પમાડનારો છે કે તે પરમેશ્વર પાસેથી આવેલો જણાય છે.

૯. બાઇબલ પરમેશ્વરની વાત છે, એનાં બીજાં કયાં પ્રમાણ છે ?

સત્શાસ્ત્રના લખનારાઓ ઇશ્વરભક્ત હતા, તેઓએ લોકનો આત્મિક સુધારો કરવાના હેતુથી શુદ્ધ બોધવચનો લખ્યાં; તે

બોધ પ્રમાણે જેઓ ચાલે છે તેઓની ચાલ એવી સુધરે છે ને તેઓને એવા આશીર્વાદ મળે છે કે તેથી બાઇબલ પરમેશ્વરની વાત માલમ પડે છે.

૧૦. બીજા ધર્મોમાં જે શાસ્ત્ર મનાય છે ને પરમેશ્વરની વાત નથી, એમ માનવાનુ શુ કારણ છે?

તેઓમાં પરમેશ્વર વિષે, તેમ પરમેશ્વરે ઠરાવેલા તારણોપાય વિષે, ખરૂં જ્ઞાન મળતું નથી, વળી ધર્મની ઘણી વાત વિષે તેઓ ભૂલ ભરેલાં છે, એથી જણાય છે કે તેઓ પરમેશ્વરની વાત નથી.

૧૧. તમારે બાઇબલનો શી રીતે ઉપયોગ કરવો જોઇએ?

મારે લક્ષ રાખીને તે દરરોજ વાચવુ, ને તેની વાત સમજવા તથા પાળવા માટે પરમેશ્વર પાસે બુદ્ધિ તથા બળ માગવા

પરમેશ્વર વિષે.

૧૨. સત્શાસ્ત્ર પ્રમાણે પરમેશ્વર કેવા છે?

પરમેશ્વર આત્મા છે, તે આપણી પેઠે માસ તથા લોહીનો નથી.

૧૩. પરમેશ્વરના ગુણ કેવા છે?

પરમેશ્વર સર્વે ઠેકાણે છે તે અનાદિ, અનંત, સર્વ શક્તિમાન, પરમ પવિત્ર, અને અપાર જ્ઞાની, ન્યાયી, સાચો, પ્રેમી તથા દયાળુ છે.

૧૪. શુ દેવ એકજ છે?

એકજ દેવ છે. જે અનેક દેવો મનાય છે તેઓમાંના કેટલાએક થઈ ગએલા શુરવીરો હશે; બીજાઓ તો કેવળ મનકલ્પિત છે.

૧૫. દેવપણામાં કેટલા છે?

દેવપણામાં ત્રણ છે, એટલે બાપ, પુત્ર તથા પવિત્ર આત્મા; એ ત્રણ મળીને એકજ દેવ છે. તેઓ સ્વભાવમાં એકજ, ને સામર્થ્ય તથા મહિમામાં સરખા છે.

સારા તથા ભુંડા આત્મા વિષે.

૧૬. દૂતો એટલે શું?

દૂતો સારા તથા મહિમાવાન આત્માઓ છે. તેઓ પરમેશ્વરની સેવામાં તત્પર રહે છે, આકાશમાં તેને ભજે છે, ને પૃથ્વી પર તેની સેવા કરવા સારૂ વારે વારે મોકલવામાં આવે છે.

૧૭. ભુંડા આત્માઓ એટલે શું?

ભુંડા આત્માઓ પહેલાં પરમેશ્વરના દૂત હતા, પણ પાપ કર્યાંથી તેઓને પરમેશ્વરે આકાશમાંથી કાઢયા. હાલ તેઓ માણસોને પાપ કરવાને લલચાવે છે. ભુંડા આત્માઓના સરદારને શેતાન કહે છે.

ઉત્પત્તિ વિષે.

૧૮. સર્વે વસ્તુઓ શી રીતે ઉત્પન્ન થઈ?

સૂરજ, ચંદ્ર, તારા, પૃથ્વી ને સર્વે વસ્તુઓ પરમેશ્વરના શબ્દથી ઉત્પન્ન થઈ, ને તે સર્વે વસ્તુઓ અતિ સારી થઈ.

૧૯. મનુષ્યજાતનાં મૂળ માણસ કોણ હતાં?

પહેલો પુરૂષ આદમ હતો, ને પહેલી સ્ત્રી હવા હતી. પરમેશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે તેઓને ઉત્પન્ન કરીને એદન વાડીમાં મૂકયાં.

૨૦. દરેક માણુસના કયા બે ભાગ હોય છે?

શરીર તથા આત્મા, એવા દરેક માણુસના બે ભાગ હોય છે. એ બે મરણ વેળાએ જૂદા થાય છે; શરીર ધૂળ સાથે મળી જાય છે, પણ આત્મા સર્વદા જીવે છે.

૨૧. માણુસમાં આત્મા છે એ શાથી જણાય છે?

માણુસમાં એવું કંઈ છે જે વિચાર કરી શકે છે, ભલું ભુડું પારખી શકે છે, ને પરમેશ્વરને ઓળખીને તેનું ભજન પણ કરી શકે છે, તેથી જાણીએ છીએ કે માણુસમાં આત્મા છે.

૨૨. જેમ માણુસને તેમ પશુઓને આત્મા છે શું?

પશુઓને માણુસના જેવો અમર આત્મા નથી; તેઓમાં જે જીવ છે તે પરમેશ્વરને ઓળખે કે ભજે, એવો નથી.

૨૩. શું, પરમેશ્વર તથા આપણા આત્મા એકજ છે?

તદન નહિજ. પરમેશ્વરને આરંભ નથી ને તે સર્વનો કર્તા છે. તેણે માણુસનો આત્મા ઉત્પન્ન કીધો. પરમેશ્વર પવિત્ર છે, આપણો આત્મા પાપી છે; તેથી પરમેશ્વરમાં તથા માણુસના આત્મામાં ઘણોજ ફેર છે.

૨૪. આપણા આત્માને પૂર્વ જન્મ હતા?

આપણા આત્માને પૂર્વ જન્મ ન હતા, એવું પોતાના મનની સાક્ષી તથા બાઇબલની વાત પરથી જાણીએ છીએ.

૨૫. પરમેશ્વર જગત પર પોતાનો અધિકાર કેમ ચલાવે છે?

પરમેશ્વર પોતાની અપાર પવિત્રતા, જ્ઞાન તથા સામર્થ્યથી આખી સૃષ્ટિનું રક્ષણ કરે છે; ને સર્વ પર તથા સર્વના કામ પર રાજ્ય કરે છે.

૨૬. શું, નસીબ છે કે?

નસીબ છેજ નહિ. પરમેશ્વર સર્વ પર અધિકારી છે, ને જે લોક પાપ કરે તો તે દોષ તેઓનોજ છે.

માણસ ભ્રષ્ટ થયું, તે વિષે.

૨૭. આદમ તથા હવા ઉત્પન્ન થયાં ત્યારે તેઓની અવસ્થા કેવી હતી?

આપણા પહેલા માબાપ ઉત્પન્ન થયાં ત્યારે તેઓ નિર્દોષ તથા સુખી હતાં, ને તેઓ પરમેશ્વરની ઇચ્છા મુજબ ચાલવા રાજી હતાં, ને પૃથ્વીમાનુ બધુ તેઓને આધીન હતું.

૨૮. પરમેશ્વરે આદમ સાથે કેવો કરાર કીધો?

જે મારી આજ્ઞા માનશો તો જીવશો, ને તોડશો તો મરશો, એવો પરમેશ્વરે આદમ સાથે કરાર કર્યો.

૨૯. પાપ એટલે શું?

જે કરવાની પરમેશ્વરે આજ્ઞા કરી છે તે ન કરવુ, અથવા જે કરવાની તેણે મના કરી છે તે કરવુ, એજ પાપ છે.

૩૦. શુ પાપનો કર્તા પરમેશ્વર છે?

પરમેશ્વર પૂરો પવિત્ર છે, ને તે માણસમાં પવિત્રાઇ માગે છે, માટે તે પાપનો કર્તા હોયજ નહિ.

૩૧. આપણાં પહેલાં માબાપે પોતાની પવિત્રાઈની તથા સુખની અવસ્થા કયું પાપ કર્યાથી ગુમાવી?

જે ઝાડનું ફળ ખાવાની પરમેશ્વરે મના કરી હતી, તે તેઓ ખાય માટે શેતાને સાપનું રૂપ ધરીને તેઓને લલચાવ્યાં, ત્યારે તેઓએ તે ખાધુ. એમ પરમેશ્વરની આજ્ઞા તોડયાથી તેઓએ પાપ કર્યું.

૩૨. એ ઝાડનું ફળ ખાવાની મના પરમેશ્વરે આપણાં પહેલા માબાપને શા માટે કીધી ?

તેઓ આજ્ઞામાં રહીને તેમને આપેલી છુટનો સારો ઉપયોગ કરશે કે કેમ, તે વિષે તેમને પારખવાને પરમેશ્વરે એ ઝાડનું ફળ ખાવાની મના કરી હતી.

૩૩. જે દિવસે આપણાં પહેલાં માબાપે મના કરેલા ઝાડનુ ફળ ખાધુ, તેજ દિવસે તેઓ કેવા પ્રકારનું મરણ પામ્યાં?

તેજ દિવસે આપણાં પહેલાં માબાપ પરમેશ્વરની શુદ્ધ પ્રતિમા ખોઇને ભ્રષ્ટ થયાં, ને એમ આત્મિક મરણ પામ્યાં.

૩૪. આપણાં પહેલાં માબાપ પાપ કર્યાંથી શી શિક્ષાને લાયક થયાં ?

આપણાં પહેલા માબાપ પાપ કર્યાંથી આ લોકમાં શ્રમ, દુઃખ, રોગ તથા મોત, ને પરલોકમા પાપને સારૂ ઠરાવેલી સજાને લાયક થયાં.

સર્વે માણસની ભ્રષ્ટતા વિષે.

૩૫. સર્વે માણસ કેવી અવસ્થામાં જન્મે છે ?

સર્વે માણસ પાપની અવસ્થામાં જન્મે છે, કેમકે પહેલા પુરૂષ આદમ જેણે પરમેશ્વર વિરૂદ્ધ પાપ કીધુ તેના વંશમાંનાં સર્વ માણસ છે.

૩૬. આપણે કયાં ત્રણ પ્રકારનાં પાપ કીધાં છે ?

હ્રદયનાં, જીભનાં અને કરણીનાં, એવાં ત્રણ પ્રકારનાં પાપ આપણે કીધાં છે.

૩૭. હ્રદયમાંનાં પાપ કેવાં છે ?

પરમેશ્વરને વિસરવો, અભિમાન, વેરભાવ, અડિયેલપણું, અદેખાઈ, અને બીજા દુષ્ટ વિચારો તથા ઇચ્છાઓ, એ હૃદયનાં પાપ છે.

૩૮. જીભનાં મુખ્ય પાપ કયાં?

પરમેશ્વરનુ નામ હલકી રીતે લેવું, વાતચીતમાં સમ ખાવા, શાપ દેવો, ગાળ દેવી અને જુઠી કે ભુંડી વાત બોલવી, એ જીભનાં મુખ્ય પાપ છે.

૩૯. કરણીનાં પાપ કયાં છે?

ખરા દેવ સિવાય બીજા કોઇને ભજવો, માબાપની આજ્ઞા ન પાળવી, કજિયો કરવો, સારૂ કરવામાં ગફલત કરવી, કોઇને નુકસાન કરવુ, ચોરી કરવી અને વ્યભિચાર કરવો, એવા કેટલાંએક કરણીનાં પાપ છે.

૪૦. તમારાં પાપને લીધે તમે શું પામવા લાયક છો?

મારા પેદા કરનાર તથા પાળનારની આજ્ઞા તોડયાથી હુ આ લોકમાં તથા પરલોકમાં પણ સજા પામવા લાયક છુ.

૪૧. શા માટે પાપીઓને સજા થવી જોઇએ?

ન્યાયની રીત એવી છે કે પાપીઓને સજા થવી જોઇએ, ને પરમેશ્વર જે ન્યાયી છે તેણે પાપની સજા ઠરાવી છે, માટે પરમેશ્વરના ન્યાય તથા સાચાઇને લીધે પાપીઓને સજા થવી જોઇએ

તારણના ખોટા ઉપાયો વિષે.

૪૨. શું, તીર્થની જગ્યાઓમાં નહાવાથી પાપ ધોવાય?

તીર્થની જગ્યાઓમાં નહાવાથી પાપ ધોવાતું નથી; પાણી તો શરીરને સાફ કરે છે, પણ મનને પવિત્ર કરી શકતું નથી.

૪૩. દાન આપવાથી તથા જાત્રાએ જવાથી પુણ્ય મળે છે શુ?

ના. પુણ્ય મેળવવાની આશાએ લોક એવો ઘણો ખરચ કરે છે અને શ્રમ વેઠે છે, પણ એમ કરવાથી પુણ્ય થતું નથી.

૪૪. શું, કેવળ માગ્યાથી પરમેશ્વર આપણને પાપની માફી આપે?

ના, જો કેવળ આપણા માગ્યાથી પરમેશ્વર પાપ માફ કરે તો લોકોને પાપ કરવાની ધાસ્તી રહે નહિ.

૪૫. શું, શોક કરવાથી પાપની માફી મળે?

ચોર ખેદ કરે છે તેને લીધે ન્યાયાધીશ તેને છોડતો નથી, તે પ્રમાણે પરમેશ્વર કેવળ શોકને લીધે આપણને માફ કરશે નહિ.

૪૬. શું, સારાં કામ કરવાથી આપણો ઉદ્ધાર થાય?

સારૂ હમેશાં કરવુ એ આપણી ફરજ છે, વળી આપણાં સૌથી સારાં કામમાં પણ પાપ હોય છે, તે માટે સારાં કામ કરવાથી પાપનો બદલો વળી શકે, એમ નથી.

૪૭. શું. દુ.ખ ભોગવ્યાથી આપણો ઉદ્ધાર થાય?

ના. કેમકે દુઃખમાં પણ આપણે પાપ કરીએ છીએ; તેથી આપણો દોષ વધે છે, ને ઉલટા આપણે વધારે દુ.ખ પામવા યોગ્ય થઇએ છીએ.

૪૮. શુ, કોઇ ઉત્પન્ન થએલો પ્રાણી આપણને તારી શકે?

ના; પરમેશ્વરની આજ્ઞાઓ પૂરી રીતે પાળીને તથા પાપનું પ્રાયશ્ચિત્ત કરીને કોઇ પણ ઉત્પન્ન થએલો પ્રાણી પારકાઓને સારૂ પુણ્ય મેળવી શકતો નથી.

ઇસુ ખ્રીસ્ત વિષે.

૪૯. પરમ પવિત્ર ત્રિએક દેવે માણસને તારવા સારૂ શું કીધું?

પરમેશ્વર બાપે પોતાનો પુત્ર આપ્યો, પુત્રે માણસોની વતી પુણ્ય મેળવ્યુ તથા મરણ ભોગવ્યુ. ને પવિત્ર આત્મા લોકોને પાવન કરે છે, એથી માણસો આકાશમાં રહેવાને સિદ્ધ થાય છે.

૫૦. ઇસુ ખ્રીસ્ત તે કોણ?

ઇસુ ખ્રીસ્ત પરમેશ્વરનો અનાદિ પુત્ર અને ત્રિએક દેવમાંનો બીજો છે. તેણે પરમેશ્વરના ઠરાવ મુજબ ૧૯૦૦ વરસ ઉપર માનવી દેહ ધારણ કીધો

૫૧. ઇસુ ખ્રીસ્તે શી રીતે માંનવી દેહ ધારણ કીધો?

ઇસુ ખ્રીસ્તે પવિત્ર આત્માના સામર્થ્યથી મરિયમ કુંવારીને પેટે શુદ્ધ દેહ તથા પ્રાણ ધારણ કીધા.

૫૨. ઇસુ ખ્રીસ્તે શા માટે માનવી દેહ ધારણ કીધો?

દેવને પ્રગટ કરવા, સંપૂર્ણ પવિત્રતાનો નમુનો આપવા, માણસોની વતી ઇશ્વરની આજ્ઞા પાળીને, ને દુઃખ તથા મરણ ભોગવીને, આપણે સારૂ અનંત તારણ મેળવવા માટે ઇસુ ખ્રીસ્તે માનવી દેહ ધારણ કીધો.

૫૩. પ્રભુ ઇસુ ખ્રીસ્ત લોકોને કેવો ઉપદેશ કરતો હતો?

પરમેશ્વર સર્વે માણસનો પિતા છે, બધા માણસો એક કુટુંબનાં છોકરાં છે, અને તેઓએ પવિત્ર, દયાળુ તથા નમ્ર થઇને પરમેશ્વર પર તેમ એક બીજા પર શુદ્ધ પ્રેમ રાખવો જોઇએ, એવો પ્રભુ ઇસુ ઉપદેશ કરતો.

૫૪. પ્રભુ ઇસુ ખ્રીસ્તે માણસને કેવો નમુનો આપ્યો છે?

પરમેશ્વરના ખરા અવતારને ઘટે તેવી પવિત્રતા, પ્રીતિ તથા દયા પ્રભુ ઈસુમાં દેખાતી હતી. તે આકાશવાસી પિતાના જેવો શુદ્ધ રહ્યો, માટે તેનુ આ વચન ખરૂં છે કે, "જેણે મને દીઠો છે તેણે મારા બાપને પણ દીઠો છે."

૫૫. આપણા તારણને અર્થે પ્રભુ ઈસુ ખ્રીસ્તે શુ કીધુ?

પ્રભુ ઈસુએ પરમેશ્વરની આજ્ઞા પૂરી રીતે પાળીને અપાર પૂણ્ય મેળવ્યું; તેણે નિર્દોષ છતાં આપણે સારૂ દુઃખ ભોગવ્યુ, અને પોતાનો પ્રાણ અર્પી દઈને પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું, એમ તેણે આપણે સારૂ અનંત જીવન સિદ્ધ કીધુ

૫૬. પ્રભુ ઈસુના મરણ પછી તેને શું થયું?

પ્રભુ ઈસુ ત્રીજે દહાડે મુએલાંમાંથી ઉઠયો; ત્યાર પછી તે સ્વર્ગધામે ગયો ને હાલ તે ત્યા મહિમામાં દેવને જમણે હાથે બેઠેલો છે.

૫૭. આપણો તારનાર ઈસુ ખ્રીસ્ત કેટલા પ્રકારનો અધિકાર કરે છે?

પ્રભુ ઈસુ ખ્રીસ્ત ત્રણ પ્રકારનો અધિકાર કરે છે, એટલે બોધકનો, યાજકનો તથા રાજાનો અધિકાર.

૫૮. ખ્રીસ્ત બોધકનો અધિકાર શી રીતે કરે છે?

પરમેશ્વરને પ્રગટ કરવાથી તથા ઈશ્વરદત્ત શાસ્ત્રની સમજુતી કરવાને માટે પવિત્ર આત્મા આપવાથી ખ્રીસ્ત બોધકનો અધિકાર કરે છે

૫૯. ખ્રીસ્ત યાજકનો અધિકાર શી રીતે કરે છે?

ખ્રીસ્ત પોતે એકવાર પાપને સારૂ યજ્ઞાર્પણ થયો, ને હાલ તેના લોકોને સારૂ આકાશમાં વિનંતી કરે છે; એમ તે યાજકનો અધિકાર કરે છે.

૬૦. ખ્રીસ્ત રાજાનો અધિકાર શી રીતે કરે છે?

પોતાના લોકને તેની આજ્ઞા મનાવવામાં, અને તેઓ પર અધિકાર કરવામાં, તેમ તેઓના શત્રુઓને અટકાવવામાં તથા જીતવામાં ખ્રીસ્ત રાજાનો અધિકાર કરે છે.

પવિત્ર આત્મા વિષે.

૬૧. પવિત્ર આત્મા કોણ છે?

પવિત્ર આત્મા ત્રિએક દેવમાંનો ત્રીજો છે; તે સામર્થ્ય તથા મહિમામાં બાપ તથા પુત્ર સમાન છે.

૬૨. પવિત્ર આત્માનું કામ શું છે?

પવિત્ર આત્માએ બાઇબલના લખનારાને જ્ઞાન આપ્યું, વળી માણસોનાં મન તે પ્રકાશિત કરે છે; તેઓ પાપી છે, એવી તેઓને ખાતરી કરી આપે છે, પ્રભુ ઇસુનો સ્વીકાર કરવા તેઓને સમજ પણ આપે છે, ને તેઓનાં હૃદય પવિત્ર કરીને તેઓને સ્વર્ગે જવા સારૂ સિદ્ધ કરે છે.

તારણ વિષે.

૬૩. તારણ પામવા સારૂ તમારે શું કરવું જોઇએ?

તારણ પામવા સારૂ મારે મારાં પાપને લીધે પસ્તાવો કરવો ને ઇસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કરવો જોઇએ.

૬૪. પસ્તાવો એટલે શું?

દયાળુ પરમેશ્વરની વિરૂદ્ધ અપરાધ કર્યાને લીધે પવિત્ર આત્માની સહાય વડે ખરેખરો શોક કરવો, ને પાપને ધિક્કારીને તેથી દૂર રહેવું, એજ પસ્તાવો છે.

૬૫. ઈસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કરવો એટલે શું?

ઈસુ ખ્રીસ્ત પાપીઓનો તારનાર છે એવું માનવુ, તારણ પામવાને અર્થે તે એકલાનેજ અંગીકાર કરી તેના પર ભરોસો રાખવો, ને તેને આજ્ઞાધીન રહેવુ, એજ ઈસુ ખ્રીસ્ત પર વિશ્વાસ છે.

૬૬. ખરો વિશ્વાસ શાથી જણાય છે?

ખરો વિશ્વાસ પરમેશ્વરની પ્રીતિ મનમાં ઉપજાવે છે, હૃદયને પવિત્ર કરે છે અને સારાં કામ કરવાને આપણને આતૂર કરે છે.

૬૭. ખ્રીસ્ત પર વિશ્વાસ કરનારાંનાં પાપ કોના ઉપર મૂકાએલાં છે?

ખ્રીસ્ત પર વિશ્વાસ કરનારાના પાપ પ્રભુ ઈસુ ખ્રીસ્ત પર મૂકાએલાં છે, અને પરમેશ્વર આગળ તે તેમના સર્વ અપરાધોનો જવાબ દે છે.

૬૮. પરમેશ્વરની આગળ આપણે શી રીતે ન્યાયી ઠરીએ?

આપણાં સારા કામોને લીધે નહિ, પણ કેવળ પ્રભુ ઈસુ ખ્રીસ્તના પુણ્યને લીધે આપણે પરમેશ્વરની આગળ ન્યાયી ઠરીએ છીએ.

૬૯. પ્રભુ ઈસુ ખ્રીસ્તના પુણ્યને લીધે આપણે કયારે ન્યાયી ઠરીએ છીએ?

પ્રભુ ઈસુનો અંગીકાર વિશ્વાસથી કરીએ છીએ ત્યારે તેના પુણ્યને લીધે ન્યાયી ઠરીએ છીએ.

૭૦. આપણે વિશ્વાસ કરવાથી કોના પુત્ર થઇએ છીએ?

વિશ્વાસ કરવાથી આપણે પરમેશ્વરના દત્તપુત્ર થઇએ છીએ;

ઈસુ ખ્રીસ્ત આપણો વડો ભાઈ થાય છે, ને આપણે તેની સંઘાતે સહવારસ થઇએ છીએ.

૭૧. પવિત્રીકરણ એટલે શું?

પવિત્ર આત્મા આપણાં અંતઃકરણ શુદ્ધ કરે છે, એટલે તેમાંની ભુંડાઈ કાઢી નાખીને તેને ચોખ્ખાં તથા પવિત્ર કરે છે, એ તેનુ કામ પવિત્રીકરણ કહેવાય છે.

૭૨. પવિત્ર આત્માની મદદ શી રીતે પ્રાપ્ત થાય?

ઇસુ ખ્રીસ્તે આપણને કહ્યુ છે કે, પ્રાર્થનામાં પવિત્ર આત્મા માગીએ તો પરમેશ્વર તે આપશે, માટે આત્માની મદદ પરમેશ્વર પાસે ઈસુને નામે માગીએ તો પ્રાપ્ત થાય.

૭૩. પવિત્ર આત્મા આપણું સારૂ શું શું કરવા રાજી છે?

પવિત્ર આત્મા આપણાં હૃદયમાં આવીને રહેવા, અને તેમાંથી સર્વે ભુંડાઇ કાઢી નાખીને તેમા પરમેશ્વર તથા તેના લોક પરની પ્રીતિ ભરવા, અને તેમાં આનદ તથા શાંતિ ઉપજાવવા રાજી છે.

૭૪. પવિત્ર આત્મા શાથી ખેદિત થાય છે?

પવિત્ર આત્માના કર્યાંથી આપણાં હૃદય તેના મંદિર જેવાં થાય છે, પણ પાપ કરીએ છીએ ત્યારે તે મંદિર અશુદ્ધ થાય છે. હૃદયની એ અશુદ્ધતાને લીધે પવિત્ર આત્મા ખેદિત થાય છે.

૭૫. પવિત્ર થવા સારૂ તમારે શું શું કરવું જોઇએ?

પવિત્ર થવા સારૂ મારે વિશ્વાસ કરીને ઈસુની પવિત્રાઈ સ્વીકારવી; પછી પવિત્ર આત્માની મદદથી પરમેશ્વરની આજ્ઞાઓ પાળવાને પ્રયત્ન કરવા, અને સદ્ગુણો પામવા સારૂ મન દઇને પરમેશ્વરનાં ઠરાવેલાં સાધનનો ઉપયોગ કરવો જોઇએ.

નિયમશાસ્ત્ર વિષે.

૭૬. પરમેશ્વરનો નિયમ, તે શું છે?

આપણે શુ કરવુ ને શું ન કરવું, તે વિષે પરમેશ્વરે જે ફરમાવ્યું છે તે તેનો નિયમ કહેવાય છે, ને આ નિયમ બાઇબલમાં સમાએલો છે.

૭૭. ઈસુ ખ્રીસ્તે કયી બે આજ્ઞામાં બધા નિયમનો સારાંશ આણ્યો?

પ્રભુ જે તારો દેવ તેના પર તું તારા ખરા હૃદયથી ને તારા ખરા જીવથી ને તારા ખરા મનથી પ્રીતિ કર; પહેલી ને મોટી આજ્ઞા એ છે. અને બીજી એના સરખી છે, કે જેવી પોતા પર તેવી પોતાના પડોસી પર તું પ્રીતિ કર. આ બે આજ્ઞામાં ઈસુએ બધા નિયમનો સારાંશ આણ્યો છે.

૭૮. પરમેશ્વર પર પોતાના ખરા હૃદયથી પ્રીતિ કરવી એટલે શું?

પરમેશ્વર પર પોતાના ખરા હૃદયથી પ્રીતિ કરવી એ છે કે તેના વિષે અતિ ઊંચા તથા ઉત્તમ વિચાર મનમાં રાખવા, સર્વે વસ્તુ કરતાં તેની કૃપા મેળવવાની ઇચ્છા કરવી, ને સર્વદા તેને પ્રસન્ન કરવામાં આનંદી રહેવું.

૭૯. જેવી પોતા પર તેવી પોતાના પડોસી પર પ્રીતિ કરવી તે શું?

જેવી પોતા પર તેવી પોતાના પડોસી પર પ્રીતિ કરવી એ છે કે, જે જે આપણે ચાહીએ કે બીજાઓ આપણને કરે તેજ આપણે તેઓને કરીએ.

૮૦. નિયમશાસ્ત્રનો સવિસ્તર સારાંશ શામાં સમાએલો છે?

નિયમશાસ્ત્રનો સવિસ્તર સારાંશ પરમેશ્વરની આપેલી દસ આજ્ઞામાં સમાએલો છે.

૮૧. દસ આજ્ઞાના કેટલા વિભાગ કરવા ઘટે છે?

દસ આજ્ઞાના બે વિભાગ છે. પહેલા ભાગમાં ચાર ને બીજામાં છ આજ્ઞા આવે છે. પહેલા ભાગમાં પરમેશ્વર પ્રત્યે આપણો ધર્મ, ને બીજામાં માણસો પ્રત્યે આપણો ધર્મ, એ શિખવવામાં આવે છે.

દસ આજ્ઞાનો પહેલો ભાગ.

પરમેશ્વર પ્રત્યે આપણો ધર્મ.

૮૨. પહેલી આજ્ઞા કયી છે?

પહેલી આજ્ઞા એ છે કે મારી સમ્મુખ તારે કોઈ અન્ય દેવો ન હોય.

૮૩. પહેલી આજ્ઞામા આપણને શું ફરમાવેલું છે?

પરમેશ્વર પર પ્રીતિ કરી તેની બીક રાખવી. તેને મહિમાવાન માનવો, તેની ભક્તિ કરવી, તેના પર ભરોસો રાખવો, ને તે વિના બીજા કોઇનું ભજન કરવુ નહિ, એવુ પહેલી આજ્ઞામાં આપણને ફરમાવેલુ છે.

૮૪. આપણે એકલા પરમેશ્વરનુ ભજન શા માટે કરવું જોઇએ?

પરમેશ્વર મહા મોટો તથા ઉત્તમ છે; તેણે આપણને સૃજીને જીવન, શ્વાસોચ્છ્વાસ તથા સર્વે વસ્તુઓ આપી છે, વળી તે આપણને સર્વકાળ સુધી સુખી કરવા ચાહે છે, તે માટે આપણે તેનું એકલાનુ ભજન કરવું જોઇએ.

૮૫. અન્ય દેવોનું ભજન શા માટે ન કરવું?

અન્ય દેવો આપણા કર્તા કે રક્ષક નથી. ખરૂ જોતાં તેઓ છેજ નહિ, અને તેમની સેવા કરવાની મના પરમેશ્વરે કરી છે, માટે તેમનું ભજન આપણે કરવુ નહિ.

૮૬. શું, પરમેશ્વરે પોતાના હાથ નીચે કોઈ કારભારી જેવા દેવો નિમ્યા છે?

પૃથ્વીના રાજાઓ પોતાના હાથ નીચે અધિકારીઓ નિમે છે, કેમકે તેઓ પોતે બધે ઠેકાણે હાજર રહી શકતા નથી, તેમ પોતે પોતાનાં બધાં કામ કરી શકતા નથી; પણ પરમેશ્વર સર્વે જગ્યામાં હાજર છે, તે બધુ જાણે છે ને જે જોઇએ તે કરી શકે છે, માટે તેને કારભારીઓ નિમવાની કંઈ અગત્ય પડતી નથી.

૮૭. પરમેશ્વરના ખરા સેવકોનાં ચિહ્‌ન કેવાં છે?

તેઓનાં ચિહ્‌ન અંગ ઉપરનાં નથી, પણ આત્માના છે; જેમકે પ્રેમ, આનંદ, શાંતિ, સહનતા. માયાળુપણું, ભલાઈ, વિશ્વાસ, નમ્રતા તથા દેહદમન.

૮૮. પરમેશ્વરને કેવી ભક્તિ ગમે છે?

પરમેશ્વર આત્મા છે, ને આત્માથી તથા સત્યતાથી તેની ભક્તિ કરવી જોઇએ, ભક્તિમાં અમથો પોકાર કરવો તથા કઢંગા તમાશા કરવા, એ પરમેશ્વરને ઘણું ખોટું લાગે છે.

૮૯. માણસો પર ગ્રહો કંઈ અસર કરે છે, શું?

ગ્રહો તો પૃથ્વીના જેવા જડ પદાર્થના મોટા ગોળા છે. ને માણસો પર કંઈ અસર કરી શકે, એવા નથી.

૯૦. શુ, આપણે જોષીઓની પાસે જોષ જોવાડવા?

સુધરેલા દેશના લોકો જોષીઓ પાસે જોષ જોવાડતા નથી, અને આપણે પણ એવું કરવું નહિ. જોષ જોવાડવાને બદલે આપણે હમેશાં પરમેશ્વર પાસે ડહાપણ માગીને તેની આપેલી બુદ્ધિનો સારો ઉપયોગ કરવો.

૯૧. શું, શકુન અપશકુન પર આપણે ધ્યાન દેવુ જોઇએ?

ના, ગરોળી, ઘુવડ, કાગડા ઇત્યાદી જાનવર ભવિષ્યવાદી નથી, ને થનારી વાતો જણાવી શકતાં નથી. કેવળ અણસમજુ લોક તેઓના પોકારના શકુન અપશકુન માને છે.

૯૨. મારે કયી કયી વાતને લીધે પરમેશ્વરની સ્તુતિ કરવી જોઇએ?

પરમેશ્વરે મને જીવન આપ્યુ છે, આ સંસારની જે હરેક સારી વસ્તુ મને મળે છે તેનો આપનાર તે છે; વળી મારૂ તારણ કરવા સારૂ તેણે અપાર પ્રીતિ કરીને પોતાનો પુત્ર મોકલ્યો; એ સર્વ વાતને લીધે મારે તેની સ્તુતિ કરવી જોઇએ?

૯૩. શું, તમારે પરમેશ્વરની ઇચ્છાને આધીન થવુ?

હા; જે કંઈ રોગ કે બીજા પ્રકારનું દુઃખ પરમેશ્વર પોતાની ઇચ્છા પ્રમાણે મોકલે તે મારે ધીરજથી સહન કરવું જોઇએ.

૯૪. પરમેશ્વર શા સારૂ દુઃખ મોકલે છે?

જેમ માબાપો પોતાનાં માંદાં છોકરાંને ઓસડ આપે છે તેમ આપણા ભલાને સારૂ પરમેશ્વર ઘણી વખતે આપણા ઉપર દુઃખ આવવા દે છે.

૯૫. આપણે જો દરિદ્રી હોઇએ તો શું કરવું જોઇએ?

દરિદ્રી હોઇએ તો સંભારવું કે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને માથું મૂકવાનું ઠામ ન હતું; વળી અક્ષય દ્રવ્ય આકાશમાં મેળવવા પર વિશેષ ધ્યાન દેવું જોઇએ.

૯૬. આપણે માંદાં હોઇએ તો શું કરવું જોઇએ?

માંદાં હોઇએ તો પરમેશ્વરની આગળ નમીને પાપની માફી માગવી; જે કંઈ ઓસડ વેસડ પરમેશ્વરની મહેરબાનીથી મળે તેનો ઉપયોગ કરવો, ને તે ઉપર પરમેશ્વરનો આશીર્વાદ આવે એવી તેની પ્રાર્થના કરવી; પછી ધીરજ રાખીને પ્રભુની ઇચ્છાને આધીન થવું.

૯૭. શું, રોગ મટાડવા સારૂ મંત્રતંત્રાદિ ક્રિયા કંઇ કામની છે?

ઇશ્વરની ઇચ્છા મુજબ રોગ તથા દુ:ખ આવે છે; તે મંત્રતંત્રની કોઈ પણ ક્રિયાથી મટે એવો ઇશ્વરનો ઠરાવ નથી, માટે એવી ક્રિયાથી માંદા માણસને નકામી તસ્દી તથા દુ:ખ થાય છે, ને ઘણી વાર રોગમાં વધારો પણ થાય છે.

૯૮. શું, મંત્રતંત્રાદિ ઉપાય કરવામાં બીજો કંઈ ફાયદો છે?

ના, મંત્રતંત્રમાં દુ:ખ ટાળવાની, અડચણ દૂર કરવાની, તેમ કાર્ય સિદ્ધ કરવાની શક્તિ નથી. એવી બાબતમાં મંત્ર જપવાને બદલે પરમેશ્વરને આધીન રહીને, અને તેના પર ભરોસો રાખીને, તેને વિનંતી કરવી.

૯૯. ધીરજ રાખીને દુ:ખ સહન કરવાથી શો લાભ થાય છે?

પરમેશ્વરના આશીર્વાદ વડે તે દુ:ખ આપણા હૃદયને શુદ્ધ કરવાના કામમાં આવે છે, ને આકાશી વસ્તુ પર મન લગાડવાના કામમાં પણ આવે છે; વળી આપણે ખ્રીસ્તની સાથે દુ:ખ સહીએ તો તેની સાથે મહિમા પણ પામીશું.

૧૦૦. બીજી આજ્ઞા કયી છે?

બીજી આજ્ઞા એવી છે કે, તું પોતાને સારૂ કોઇ કોરેલી મૂર્તિ ન કર, ઉપર આકાશમાંની કે નીચે ભૂમિમાંની કે ભૂમિની તળેનાં પાણીમાંની કોઇ પણ ચીજની પ્રતિમા ન કર; તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર; કેમકે હુ પ્રભુ તારો દેવ આસ્થાવાન દેવ છુ, જેઓ મારો દ્વેષ કરે છે, તેઓની ત્રીજી ચોથી પેઢી સુધી, બાપોના અન્યાયની શિક્ષા છોકરાં પર લાવનાર, ને મારા પર જે પ્રીતિ કરે છે ને મારી આજ્ઞાઓ પાળે છે, તેઓની હજારો પેઢી પર દયા દર્શાવનાર હું છું.

૧૦૧. બીજી આજ્ઞા પરથી આપણે શુ શીખવું ?

બીજી આજ્ઞા પરથી આપણે એવુ શીખવું કે જે કંઇ પરમેશ્વરે ઉત્પન્ન કીધુ છે તેની પૂજા કરવી, અથવા પૂજવાને સારૂ તેની મૂર્તિ બનાવવી, એ પાપ છે; પણ પરમેશ્વર આત્મા છે, એવો વિચાર ધ્યાનમાં રાખીને, આપણે મનથી એને ભજવો જોઇએ.

૧૦૨. આપણાથી પરમેશ્વરની મૂર્તિ કેમ ન કરાય ?

પરમેશ્વર નિરાકાર આત્મા છે, ધાતુ, પત્થર કે માટીની તેની કોઈ પણ પ્રતિમા બની શકે, એમ નથી.

૧૦૩. મૂર્તિપૂજા શા માટે નહિ કરવી ?

જડ વસ્તુઓમાં કંઈ ચેતન નથી; તેઓની પૂજા કરવાથી જીવતા પરમેશ્વરનું સ્મરણ થતું નથી તેમ તેના પર શ્રદ્ધા વધતી નથી, વળી મૂર્તિપૂજા પરમેશ્વરની આજ્ઞાની વિરૂદ્ધ છે.

૧૦૪. ત્રીજી આજ્ઞા કયી છે ?

ત્રીજી આજ્ઞા એવી છે કે પ્રભુ તારા દેવનુ નામ તું વૃથા ન લે, કેમકે જે તેનું નામ વૃથા લે છે તેને પ્રભુ નિર્દોષ નહિ ગણશે.

૧૦૫. ત્રીજી આજ્ઞા પરથી આપણે શું શીખવું ?

ત્રીજી આજ્ઞા પરથી આપણે એવું શીખવું કે, પરમેશ્વરનું પવિત્ર નામ હલકી રીતે ન લેવું, ને કારણ વિના તેના નામના સમ ન ખાવા. વળી પરમેશ્વરનાં કરેલાં કામના સમ મુદ્દલ ખાવા નહિ.

૧૦૬. પરમેશ્વરનુ નામ વૃથા લેવાથી શું કોઇ પ્રકારનો લાભ થાય ?

પરમેશ્વરનું નામ વૃથા લેવાથી કોઇને કંઈ લાભ થાય, એવુ નથી. તેથી ઉલટું, જેઓ એવુ કરે છે તેઓ ઇશ્વરકોપને લાયક થાય છે.

૧૦૭. ચોથી આજ્ઞા કઇ છે ?

ચોથી આજ્ઞા એવી છે, કે સાબ્બાથ દિનને પવિત્ર પાળવાને તેનુ સ્મરણ રાખ. ૬ દિવસ તુ ઉદ્યોગ કર, ને તારૂં સઘળું કામ કર ; પણ સાતમો દિવસ પ્રભુ તારા દેવનો સાબ્બાથ છે, તેમાં તું કાંઇ કામ ન કર, તુ કે તારો દીકરો કે તારી દીકરી કે તારો દાસ કે તારી દાસી, કે તારાં ઢોર, કે તારા દરવાજાની અંદરનો પરદેશી , કેમકે ૬ દિવસમા પ્રભુએ આકાશ તથા પૃથ્વી, સમુદ્ર તથા તેઓમાંનાં સર્વને ઉત્પન્ન કીધાં, ને સાતમે દિવસે તે સ્વસ્થ રહ્યો ; એ માટે પ્રભુએ સાબ્બાથ દિનને આશીર્વાદ દઇને તેને પવિત્ર ઠરાવ્યો

૧૦૮. ચોથી આજ્ઞા પરથી આપણે શું શીખવુ ?

ચોથી આજ્ઞા પરથી આપણે એવુ શીખવું કે બીજા દિવસોની પેઠે સાબ્બાથ દિવસે આપણે મહેનત કે લેણદેણ કે ખેલ ન કરવા ; પણ તે દિવસ પવિત્ર માનીને પાળવો, અને પરમેશ્વરની સેવાભક્તિમાં, ને જ્ઞાની તથા સારા થવાના પ્રયત્નમાં તેને ગુજારવો.

૧૦૯. સાબ્બાથ દિવસે કેવા કામ કરવાની છુટ છે ?

સાબ્બાથ દિવસે દયાનાં તથા અગત્યનાં કામ કરવાની છુટ છે; એટલે, માંદાં દુઃખીને સહાય કરવી, અભણ અબુદ્ધને બોધ કરવો, ઢોરઢાંક પાવા ખવડાવવાની ચાકરી કરવી, ઇત્યાદિ, પણ સાધારણ ધંધાનાં કામ કરવાં નહિ.

૧૧૦. જો સાબ્બાથ દિવસે મહેનત મજુરી ન કરીએ તો તે દિવસે આપણને અન્ન મળશે, શું ?

આપણે જો અઠવાડિયામાં છ દિવસ સારીપેઠે ઉદ્યોગ કરીએ અને પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે ચાલીએ તો સાબ્બાથ દિવસે કામ ધંધા નહિ કર્યાથી આપણને ખોટ પડે, એવુ પરમેશ્વર કદી થવા દેશે નહિ.

૧૧૧. પરમેશ્વરનું જાહેરાંત ભજન કરવા વિષે આપણે શી રીતે ચાલવુ જોઇએ ?

આપણે મંડળીમાં નિયમ પ્રમાણે હાજર થવુ, અને તેમાં મર્યાદા રાખીને આત્માથી પરમેશ્વરને ભજવો. વળી જે બોધ આપણને મળે તે પ્રમાણે પરમેશ્વરની મદદથી ચાલવાને પ્રયત્ન કરવો જોઇએ.

૧૧૨. અઠવાડિયામાં કયા વારને પરમેશ્વરે સાબ્બાથ ઠરાવ્યો છે ?

અઠવાડિયાના એક દિવસને પરમેશ્વરે વિશ્રામને વાસ્તે ઠરાવ્યો છે. જગતના આરંભથી ખ્રીસ્તના પુનરૂત્થાન સુધી અઠવાડિયાના સાતમા વારને સાબ્બાથ ઠરાવ્યો, ને ત્યાર પછી અઠવાડિયાનો પહેલો દિવસ, એટલે રવિવાર, સાબ્બાથ તરીકે પાળવામાં આવ્યો છે. તે દિવસ પ્રભુવાર કહેવાય છે, કારણ કે તે દિવસે ખ્રીસ્ત મુએલાંમાંથી ઉઠયો.

દસ આજ્ઞાનો બીજો ભાગ.

માણસો પ્રત્યે આપણો ધર્મ.

૧૧૩. પાંચમી આજ્ઞા કયી છે?

પાંચમી આજ્ઞા એવી છે કે તારા બાપનું તથા તારી માનુ તું સન્માન રાખ, કે પ્રભુ તારો દેવ જે દેશ તને આપે છે તેમા તારૂ આયુષ્ય દીર્ઘ થાય.

૧૧૪. પાંચમી આજ્ઞા પરથી આપણે શુ શીખવુ?

પાંચમી આજ્ઞા પરથી આપણે શીખવુ કે છોકરાંએ પોતાના માબાપનું તથા પોતાના ઉપરીઓનુ સન્માન કરવુ, ને તેઓના હુકમ પ્રમાણે ચાલવુ.

૧૧૫. જો કોઈ આપણને ભુંડુ કરવાનુ કહે, તો શુ તે કરવુ જોઇએ?

ના, જો કોઈ પણ માણસ પરમેશ્વરની આજ્ઞાથી વિરૂદ્ધ કાંઇ કરવાનુ કહે, તો આપણે તે ન કરવુ, કેમકે માણસ કરતાં પરમેશ્વરનું માનવુ જોઇએ.

૧૧૬. નિશાળીઆનો શો ધર્મ છે?

નિશાળીઆએ નિયમ પ્રમાણે નિશાળમાં આવવુ, મન દઇને શીખવુ, અને મર્યાદા રાખીને પોતાના શિક્ષકોને આધીન રહેવું જોઇએ.

૧૧૭. ખ્રીસ્તી ધર્મોપદેશકો પ્રત્યે આપણે શી રીતે ચાલવું જોઇએ?

ધર્મોપદેશકોના કામને લીધે આપણે તેઓનું ઘણું સન્માન કરવુ, તેઓના નિર્વાહને અર્થે શક્તિ પ્રમાણે આપવુ, તેઓનો આપેલો બોધ ધ્યાન દઇને સાંભળવો, અને તેઓનું કામ સફળ થાય માટે પરમેશ્વરની પ્રાર્થના કરવી.

૧૧૮. રાજાનો શો ધર્મ છે?

રાજાએ ન્યાયથી રાજ્ય ચલાવવુ, પોતાની પ્રજાનુ રક્ષણ કરવું, તેમના હિત વિષે કાળજી રાખવી, અને પરમેશ્વરથી ડરીને પોતાની પ્રજાઓને સુચાલનો નમુનો આપવો.

૧૧૯. અધિકારીઓનો શો ધર્મ છે?

અધિકારીઓએ પોતાના હાથ નીચેના માણસો પ્રત્યે ન્યાયથી વર્તવું, ગરીબો પર કોઇ પ્રકારનો જુલમ ન કરવો, તેમ કોઇ પ્રકારની લાંચ લેવી નહિ.

૧૨૦. પ્રજાનો શો ધર્મ છે?

પ્રજાએ રાજાના તથા અધિકારીઓના હકમાં પ્રાર્થના કરવી, તેઓને ઘટતું માન આપવુ, તેઓના વાજબી હુકમ પાળવા, કર, દાણ, વિગેરે, બરાબર ભરી આપવાં, અને દગો ફિતુર ન કરતાં સલાહ સંપથી રહેવુ.

૧૨૧. ઉપરીઓનો શો ધર્મ છે?

ઉપરીઓએ પોતાના ચાકરોને વખતસર પગાર બરાબર આપવો, તેમના ઉપર મહેરબાની રાખવી અને તેઓના શરીરનુ તથા આત્માનુ સુખ વધારવાની ચિંતા કરવી.

૧૨૨. ચાકરનો શો ધર્મ છે?

ચાકરોએ પોતાના ઉપરીઓની આજ્ઞા માનવી, તેઓની ગેરહાજરીમાં પણ આળસ ન કરવુ, ને વિશ્વાસુ તથા મર્યાદાશીળ રહેવું જોઇએ.

૧૨૩. છઠ્ઠી આજ્ઞા કયી છે?

છઠ્ઠી આજ્ઞા એ છે કે, તું ખૂન ન કર.

૧૨૪. છઠ્ઠી આજ્ઞા પરથી આપણે શું શીખવું?

છઠ્ઠી આજ્ઞા પરથી આપણે એ શીખવું કે ક્રોધ, વેરભાવ, ને જેથી માણસની હત્યા થાય એવા બીજા મનોવિકારને દાબી નાખવા; વળી પોતાના તથા બીજાઓના જીવનું રક્ષણ કરવા માટે સર્વ લાયક ઉપાય કરવા.

૧૨૫. શું, જીવહિંસામાં કંઈ પાપ છે?

માણસમાં આત્મા છે તેવો જનાવરોમા નથી, અને યોગ્ય કારણને લીધે તેમને મારવાની છુટ પરમેશ્વરે આપી છે; પરંતુ તેમને અમથું દુઃખ દેવું કે ખરા કારણ વગર મારી નાખવાં, એ ખોટું છે.

૧૨૬. ક્રોધને આધીન થવાથી કેવાં ભુંડાં ફળ નીપજે છે?

ક્રોધને આધીન થવાથી વેરભાવ તથા મારામારી થાય છે, ગાળ તથા શાપ દેવામાં આવે છે, એટલુંજ નહિ પણ કોઈવાર ખૂન પણ થાય છે.

૧૨૭. છાકટાઈ તથા અફીણના વ્યસનથી કેવાં ભુંડાં ફળ નીપજે છે?

છાકટાઇ તથા અફીણના વ્યસનથી આ લોકમાં ધન તથા આબરૂનો નાશ થાય છે, દુઃખ, રોગ તથા અકાળ મરણ પણ થાય છે, અને પરલોકમાં સર્વકાળની હાનિ થાય છે.

૧૨૮. સાતમી આજ્ઞા કયી છે?

સાતમી આજ્ઞા એ છે કે, તું વ્યભિચાર ન કર.

૧૨૯. સાતમી આજ્ઞા પરથી આપણે શું શીખવું?

સાતમી આજ્ઞા પરથી આપણે એ શીખવું કે સર્વે અશુદ્ધ વિચાર, વાતચીત તથા કામનો ત્યાગ કરવો; કેમકે અશુદ્ધતા પરમેશ્વરને અતિ ભુંડી લાગે છે. વળી જે ચોપડીની વાતથી મન ઉપર નઠારી અસર થાય તે વાંચવી નહિ.

૧૩૦. જે રિવાજોથી અશુદ્ધ અસર થાય છે તે આપણે પાળવા જોઈએ?

ના; એવા રિવાજો જો કે જુના હોય તોપણ તેમાં રહેલી અશુદ્ધતાને લીધે આપણે તે તજી દેવા. જો લોકો કહે કે, એ ધર્મને લગતા રિવાજો છે તો જાણવું કે પવિત્ર પરમેશ્વરની ઇચ્છા વિરૂદ્ધ હોવાથી તેમાં ધર્મ છે નહિ.

૧૩૧. આઠમી આજ્ઞા કયી છે?

આઠમી આજ્ઞા એ છે કે, તું ચોરી ન કર

૧૩૨. આઠમી આજ્ઞા પરથી આપણે શું શીખવું?

આઠમી આજ્ઞા પરથી આપણે એ શીખવું કે પોતાના ગુજરાનને સારૂ મહેનત કરવી, સર્વે વહેવારમાં પ્રામાણિકપણે વર્તવું, કોઇને છેતરવું નહિ, તેમજ વગર રજાએ કોઇ પણ પારકી ચીજ લેવી નહિ.

૧૩૩. આળસથી કયાં કયાં માઠા ફળ થાય છે?

આળસથી વખત ફોકટનો ગુજારવામાં આવે છે. આળસુ માણસ પાપ કરવાને વિશેષ લલચાય છે; વળી આળસ પરમેશ્વરની આજ્ઞાની વિરૂદ્ધ છે.

૧૩૪. આપણે કરજ કરવાથી દૂર રહેવું જોઇએ કે નહિ?

આપણે વગર કારણે ખરચ કરવો નહિ, ને કરજ કરવું ન પડે માટે કાળજીથી મહેનત કરવી જોઇએ. "એક બીજા ઉપર પ્રેમ રાખવો, એ સિવાય બીજું દેવું કોઈનું ન કરો," એવી જે શાસ્ત્રમાંની આજ્ઞા તે પાળવા માટે પ્રયત્ન કરવા જોઇએ.

૧૩૫. જુગાર રમવાથી કેવાં માઠાં પરિણામ થાય છે?

ચોરના જેવું જુગારીનું મન છે. તે બદલો આપ્યા વગર બીજાનો માલ લેવા ચાહે છે. આ વ્યસનથી ઘણીવાર છાકટાઇ, કજીયો, ચોરી તથા ખૂન પણ થાય છે.

૧૩૬. શું, આ લોકમાં પણ નેક દાનત લાભકારક છે?

હા, ઘણી લાભકારક છે, કેમકે સતશાસ્ત્રમાં લખેલું છે કે, “સીધા ચાલનારાથી પ્રભુ કંઈ સારૂ વાનું પાછું નહિ રાખશે.”

૧૩૭. નવમી આજ્ઞા કયી છે?

નવમી આજ્ઞા એ છે કે, તું તારા પડોસી વિરૂદ્ધ જુઠી સાક્ષી ન પુર.

૧૩૮. નવમી આજ્ઞા પરથી આપણે શું શીખવુ?

નવમી આજ્ઞા પરથી આપણે એ શીખવુ કે સર્વે કપટ મુકીને સર્વદા સાચુંજ બોલવું, તેમ બીજાનું ભુંડું ન બોલવું.

૧૩૯. જુઠું બોલવાથી કયાં માઠાં ફળ નીપજે છે?

જુઠા માણસ જો કે સાચુ બોલે તોપણ કોઇ તેઓનો ભરોસો રાખતા નથી; અમારી જૂઠ માલમ પડશે એવી તેઓને નિત્ય બીક લાગે છે: લોક તેઓથી કંટાળે છે, અને તેઓ નરકમા સજા ભોગવવા લાયક છે.

૧૪૦. એ મોઢે બોલવામાં પાપ છે કે નહિ?

મોં આગળ કોઇની ખુશામત કરવી, અને પીઠ પાછળ તેની નિંદા કરવી, તેમાં કપટ તથા પાપ છે.

૧૪૧. આપણે બીજાનો દોષ કદી કાઢવો જોઇએ કે નહિ?

જ્યારે આપણી આસપાસના લોકના દોષ વિષે બોલવાથી બીજાને ગુણ ન થાય ત્યારે તે વિષે બોલવુજ નહિ.

૧૪૨. દસમી આજ્ઞા કયી છે?

દસમી આજ્ઞા એ છે કે, તું તારા પડોસીના ઘર પર લોભ ન રાખ, તારા પડોસીની સ્ત્રી કે તેનો દાસ, કે તેની દાસી, કે તેનો બળદ, કે તેનું ગધેડું, કે તારા પડોસીનું જે કંઇ હોય તે પર તું લોભ ન રાખ.

૧૪૩. દસમી આજ્ઞા પરથી આપણે શું શીખવુ?

દસમી આજ્ઞા પરથી આપણે એ શીખવુ કે, બીજાની માલ-મિલકતનો લોભ ન કરવો, ને તેઓની ચઢતી દશા જોઈને અદેખાઇ ન કરવી, પણ પરમેશ્વર જે કંઈ આપણને આપે તેથી સંતુષ્ટ રહેવું.

૧૪૪. લોભથી શું શું માઠું ફળ નીપજે છે?

લોભે કરીને લોકો ધનદોલતથી મોહિત થઇને તેને વધારે ચાહે છે, ને તેને મેળવવાને માટે તેઓ ઘણીવાર જુઠું બોલે છે અને ઠગાઇ તથા જુલમ કરે છે. વળી તેઓ ભૂલી જાય છે કે થોડા વખત પછી, મોત આવશે ત્યારે, તેનો ત્યાગ કરવાની જરૂર પડશે.

૧૪૫. કોર્ટમાં તકરાર લઇ જવાની ટેવનાં કેવા માઠાં પરિણામ નીપજે છે?

કોર્ટમાં તકરાર લઇ જવાથી વખત તથા ધનનું ઘણું નુકસાન થાય છે, વેરભાવ વધે છે, અને વારે વારે ભારે ટંટા પણ થાય છે.

૧૪૬. કોર્ટમાં જવાનો અટકાવ કરવા સારૂ કેવો ઉપાય કામમાં લેવો?

જ્યારે બે માણસની વચ્ચે વાદ પડે ત્યારે તેઓએ મિઠાશથી એક બીજાની સાથે તે વિષે બોલવુ, ને જો એવી રીતે નિકાલ ન થાય તો બન્ને પક્ષના કોઇ મિત્રના હાથમાં વાદનો ફેંસલો કરવાનો અધિકાર સોંપવો.

૧૪૭. જ્યારે લોકો આપણુ ભુંડું કરે ત્યારે તેઓને શાપ દેવો કે નહિ?

જેઓ શાપ દે છે તેઓ બીજાનુ ભુંડું કરવાને બદલે પોતાનુંજ ભુંડું કરે છે; શાપ દેવો તે તો ખ્રીસ્તના મનથી વિરૂદ્ધ છે; આપણે આશીર્વાદજ દેવો, પણ શાપ દેવો નહિ.

૧૪૮. જેઓ આપણું ભુંડું કરે તેઓ પ્રત્યે આપણે શી રીતે વર્તવુ?

જેઓ આપણું ભુંડું કરે તેઓ પર વેર વાળવાને બદલે પ્રીતિ રાખવાનો પ્રયત્ન કરવો, કે જેથી તેઓ આપણા મિત્રો થાય.

૧૪૯. આપણે કોની સોબતથી વેગળા રહેવુ?

જેઓ અધર્મી તથા દુષ્ટ છે તેઓની સોબત ન કરવી, રખેને તેઓની કુચાલની અસર આપણને લાગવાથી તેઓના જેવા થઇએ.

૧૫૦. શુ આપણે હમેશાં લોકના રિવાજ પ્રમાણે ચાલવુ?

કોઇ પણ રિવાજ પકડયા પહેલાં તપાસ કરવી જોઇએ કે તે સારો છે કે ભુંડો, જો તે સારો હોય તો તે પ્રમાણે ચાલવુ, ને જો તે ભુંડો હોય તો લોક ચાહે તે કરે, તોપણ આપણે એવો રિવાજ અનુસરવો નહિ.

૧૫૧. જાતિભેદ કયા અસત્ય પર આધાર રાખે છે?

પુરૂષના શરીરના જૂદા જૂદા ભાગમાંથી માણસો નીકળ્યા, એ અસત્ય વાત પર જાતિભેદ આધાર રાખે છે. ખરી વાત એ છે કે પરમેશ્વરે સર્વે માણસને એક લોહીએ ઉત્પન્ન કીધાં, ને સર્વે માણસો એકજ માબાપનાં સંતાન છે.

૧૫૨. જાતિભેદનો પૂરો ત્યાગ શા માટે કરવો જોઇએ?

જાતિભેદને માન્યાથી જ્ઞાનના વધારાનો અટકાવ થાય છે, લોકોમાં ટંટા ઉત્પન્ન થાય છે, થોડાએક માણસના અભિ-માનની પુષ્ટિ થાય છે, ને ઘણા ઉપર જુલમ થાય છે, વળી ભાઇઓની પેઠે એક બીજા પર પ્રીતિ રાખવી એવી જે પરમેશ્વરની આજ્ઞા તેથી જાતિભેદ વિરૂદ્ધ છે.

૧૫૩. દુઃખી તથા ગરીબો પ્રત્યે આપણો શો ધર્મ છે?

ઘરડાં, માંદાં, આંધળાં, લૂલાં, પાંગળાં તથા દરિદ્રી ઉપર આપણે દયા કરવી; પણ જે આળસુ લોક કામ કરવાની ઇચ્છા ન રાખતાં ભીખ માગતા ફરે છે તેઓને કંઇ આપવું નહિ.

પવિત્ર શાસ્ત્ર વિષે.

૧૫૪. તમારે પરમેશ્વરના શાસ્ત્રનો શી રીતે ઉપયોગ કરવો જોઇએ?

મારે લક્ષ રાખીને પરમેશ્વરનું શાસ્ત્ર રોજ વાંચવું, ને પવિત્ર આત્મા તેનો અર્થ મને શિખવે ને મારા અંતઃકરણમાં ઠસાવે, એવી મારે પરમેશ્વરની પ્રાર્થના કરવી જોઇએ.

૧૫૫. કેવા ભાવથી તમારે પવિત્ર શાસ્ત્ર વાંચવું?

મારે વિશ્વાસથી તથા આત્મિક જ્ઞાન મેળવવાની ઇચ્છાથી પવિત્ર શાસ્ત્ર વાંચવું. તેમાંની વાતો મારે મનમાં રાખવી, અને પરમેશ્વરની સહાયતાથી તેની આજ્ઞા પ્રમાણે ચાલવાને પ્રયત્ન કરવો.

પ્રાર્થના વિષે.

૧૫૬. પ્રાર્થના એટલે શું?

પ્રાર્થના એટલે પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે આપણને જે જોઇએ તે તેની પાસે ખ્રીસ્તને નામે માગવું. પ્રાર્થનામાં આપણે પરમેશ્વરનો ઉપકાર માનવો, અને પોતાનાં પાપ કબૂલ કરીને માફી માગવી.

૧૫૭. તમારે શી રીતે પ્રાર્થના કરવી?

મારે નમ્રતાથી, અને જેમ છોકરૂં પોતાના બાપની સાથે બોલે છે તેમ ભરોસો રાખીને પ્રાર્થના કરવી. પ્રાર્થનામાં હું પરમેશ્વરની સાથે બોલું છું એવું સંભારવું; માટે ભટકનારા વિચાર વિષે સાવધાન રહી ખરા મનથી માગવું જોઇએ.

૧૫૮. પ્રાર્થના કરી શકીએ માટે કોની સહાય માગવી જોઇએ?

હું યોગ્ય રીતે પ્રાર્થના કરૂં માટે મારે પવિત્ર આત્માની સહાય માગવી, ને હું પંડે કંઇ પામવા લાયક નથી એવું સમજીને મારે સર્વદા ઈસુ ખ્રીસ્તને નામે પ્રાર્થના કરવી જોઈએ.

૧૫૯. તમારે રોજ કેટલી વાર પ્રાર્થના કરવી જોઇએ?

મારે તો વારેવારે પરમેશ્વરની ગમ મન વાળવું, રાત દિવસના સર્વે પ્રસંગમાં પ્રભુને સંભારવો, ખાતાં પીતા દાતારનો ઉપકાર માનવો; જાગતા ઉઠતાં ને કામકાજમા વળગતાં આશીર્વાદ માગવો, ઉંઘી જતાં ઈશ્વર સંભાળનાર છે એમ જાણીને તેના ઉપર ભરોસો રાખવો; રાતે જે પામ્યા ને દહાડે જે જોઇએ તે સવારમાં, ને દહાડે જે પામ્યા ને રાતે જે જોઇએ તે સાંજે ઈશ્વરની આગળ સ્તોત્ર ગાઇને ને વિનતી કરીને જણાવવુ. એ બધુ પાપીનો તારનાર તથા નબળાનો નિભાવનાર જે ઈસુ છે તેને નામે કરવુ.

૧૬૦. પાપના ફાંદામાં ન પડવા માટે પ્રાર્થના સિવાય તમારે બીજુ શુ કરવું જોઇએ?

હું પાપમાં ન પડું માટે મારે સાવધાન રહેવુ, ભુંડા લોકની સોબત ન કરવી; જેથી મારા આત્માને નુકસાન થાય તેથી દૂર રહેવુ; સારા લોકની સોબત કરવી ને પ્રભુ બળ દાતાર પર ભરોસો રાખવો.

૧૬૧. આપણે પોત પોતાની પરીક્ષા કરવી જોઇએ કે નહિ?

મે શું શું ભુંડું કીધુ છે ને હું શું શું ભલુ કરવાને ભૂલ્યો છુ તેના વિચાર કરતાં મારે નિત્ય પોતાના આચરણની પરીક્ષા કરવી, અને પરમેશ્વરની આગળ મારાં પાપ કબૂલ કરીને મારે પવિત્ર આત્માની સહાયતા માગવી, કે હવેથી પાપ ન કરૂં.

ધર્મસંસ્કાર વિષે.

૧૬૨. ધર્મસંસ્કાર એટલે શું?

ધર્મસંસ્કાર પ્રભુ ઈસુ ખ્રીસ્તની ઠરાવેલી પવિત્ર ક્રિયા છે કે જેમાં નિશાણીઓ વડે પાપી માણસના તારણને અર્થે પ્રભુએ જે કર્યું છે તે દર્શાવેલું છે. એવી ક્રિયાઓ યોગ્ય રીતે પાળીએ તો નિશાણીઓમાં દર્શાવેલા આત્મિક આશીર્વાદો પામીએ.

૧૬૩. ધર્મસંસ્કાર કેટલા છે?

બાપ્તિસ્મા તથા પ્રભુ ભોજન, એવા બે સંસ્કાર છે

૧૬૪. બાપ્તિસ્મા એટલે શું?

બાપ્તિસ્મા એટલે બાપ, પુત્ર તથા પવિત્ર આત્માને નામે કોઇ માણસને પાણી લગાડવું, તે સંસ્કારમાં પાપથી શુદ્ધ થવું, નવો સ્વભાવ પામવો તથા ખ્રીસ્તના શિષ્ય થવું, એ ત્રણ વાતો દર્શાવવામાં આવે છે.

૧૬૫. પ્રભુનું ભોજન એટલે શું?

પ્રભુ ઈસુ ખ્રીસ્તના મરણના સંભારણાને સારૂ તેના શરીર તથા લોહીની નિશાણીઓ તરીકે રોટલી ખાવી તથા દ્રાક્ષરસ પીવો, એ પ્રભુનું ભોજન છે. જેઓ ખરા ભાવથી તથા વિશ્વાસથી આ ક્રિયા પાળે છે તેઓ પ્રભુ ઈસુથી આત્મિક પોષણ પામે છે.

ખ્રીસ્તી ધર્મ વિષે.

૧૬૬. પ્રભુ ઈસુ ખ્રીસ્ત સિવાય બીજો કોઇ તારનાર છે?

એકજ ખરો દેવ છે, તેમજ જેના વડે આપણું તારણ થાય એવો એકજ ખરો તારનાર છે, અને તે તારનારને સર્વે લોકોએ સ્વીકારવો જોઇએ. જુદા જુદા દેશના લોકોને માટે જુદા જુદા તારનાર છે, એમ નથી.

૧૬૭. જે લોક ખ્રીસ્તી કહેવાય છે તેઓ સર્વે તારણ પામે છે શું?

ના, નામના ખ્રીસ્તી ઘણા છે, પણ જેઓ પ્રભુ ઇસુ ખ્રીસ્ત પર પ્રીતિ કરે છે તથા તેની આજ્ઞાઓ પ્રમાણે ચાલવાને બનતી કોશિશ કરે છે કેવળ તેઓ ખરા ખ્રીસ્તી છે.

૧૬૮. બીજા ધર્મને માનનારાઓની અવસ્થા કેવી છે?

બીજા ધર્મને માનનારાઓની અવસ્થા ખરેખર દયાપાત્ર છે. તેઓ પોતાના પ્રેમી પિતા પાસેથી દૂર ભટકી ગએલા છે, ને ખરા તારનારનો અંગીકાર ન કર્યાને લીધે તેઓ પિતા પાસે આવવાના માર્ગથી વેગળા રહે છે.

૧૬૯. બીજા તારનારને માનનારા તથા બીજા ઉપાય કરનારા પ્રત્યે ખ્રીસ્તી લોકની શી ફરજ છે?

ખ્રીસ્તી લોકે સર્વે માણસોને ખ્રીસ્તની સુવાર્તા જણાવવી, ને તેઓને વિનંતી કરવી કે તેઓ ખ્રીસ્તનો અંગીકાર કરીને તથા બાપ્તિસ્મા લઇને તેના શિષ્યો થાય

૧૭૦. શા માટે લોકની આગળ ખ્રીસ્તને કબૂલ કરવો જોઇએ?

ખ્રીસ્તે એવું કહ્યું છે કે, માણસોની આગળ જે કોઇ મને કબૂલ કરશે તેને હું મારા આકાશમાંના બાપની આગળ કબૂલ કરીશ, પણ જે કોઇ માણસોની આગળ મને નાકબૂલ કરશે તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ નાકબૂલ કરીશ.

૧૭૧. પણ જો માણસોની આગળ ખ્રીસ્તને કબૂલ કર્યાને લીધે માબાપનું ઘર છોડવું પડે તોએ ખ્રીસ્તને કબૂલ કરવો જોઇએ?

હા; ઇસુ કહે છે કે, જે મારા કરતાં બાપ પર કે મા પર વધારે પ્રીતિ રાખે છે તે મારે યોગ્ય નથી.

૧૭૨. જેઓ સુવાર્તા સાંભળ્યા છતાં તે કબૂલ કરતા નથી, અને જે નામના ખ્રીસ્તીઓ સુવાર્તા પ્રમાણે ચાલતા નથી, તેઓને કેવી સજા મળશે?

જેઓએ પોતાના ધણીની ઇચ્છા જાણ્યા છતાં તે પ્રમાણે કર્યું નહિ તેઓ ઘણો માર ખાશે, એટલે અજ્ઞાનીઓ કરતાં તેઓને બહુ સખત સજા મળશે.

૧૭૩. માણસની આગળ ખ્રીસ્તને કબૂલ કરવાને લીધે જેઓને દુ ખ વેઠવું પડે છે તેઓને પરમેશ્વર શુ આપશે?

જેઓ ખ્રીસ્તને લીધે દુઃખ વેઠે છે તેઓ આ લોકમાં સોગણુ પામશે, ને પરલોકમાં અનતજીવન પામશે

૧૭૪. શુ ખ્રીસ્તી ધર્મ જગત પર બધે ફેલાશે?

હા; પરમેશ્વરનું વચન આપણને ખાતરી આપે છે કે ખ્રીસ્તી ધર્મ જગત પર બધે ફેલાશે, ને સર્વે જગ્યામાં લોક અન્ય દેવોની પુજા તજી દઇને એકલા પરમેશ્વરની સેવા કરશે.

૧૭૫. આપણી જીંદગીનો મુખ્યાર્થ શો છે?

આ સંસારનુ ધન તથા સુખભોગ શોધવા કરતાં આપણે આત્મિક વાત પર વધતું ચિત્ત લગાડવુ ને સુવાર્તા ફેલાવવામાં પોતાનું બધુ સામર્થ્ય વાપરી પરમેશ્વરનો મહિમા પ્રગટ કરવો.

૧૭૬. પરમેશ્વરના મહિમાને અર્થે આપણુ આયુષ્ય શા વાસ્તે ગુજારવું જોઇએ?

આપણે પોતાનાજ નથી; ખ્રીસ્તના મૂલ્યવાન લોહીએ ખરીદાએલા છીએ; માટે આપણાં શરીર તથા આત્મા પરમેશ્વરનાં છે, તેઓ વડે આપણે પરમેશ્વરનો મહિમા પ્રગટ કરવો જોઇએ.

૧૭૭. ખ્રીસ્તી ધર્મ ફેલાવવાનો મુખ્ય ઉપાય કયો છે?

ખ્રીસ્તી ધર્મ ફેલાવવાનો મોટો ઉપાય એ છે કે, આપણે પોતે ખરા ખ્રીસ્તી થઇએ ને આપણો ધર્મ કેવો ઉત્તમ છે તે પોતાના આચરણથી દેખાડીએ.

૧૭૮. શું ખ્રીસ્તી ધર્મ ફેલાવવા સારૂ આપણે ધન આપવું?

તારણનું જે જ્ઞાન આપણને મળ્યું છે તે બીજાઓને મળે, માટે આપણે સુવાર્તાના ફેલાવાને અર્થે ખુશીથી તથા શક્તિ પ્રમાણે ધન આપવુ જોઇએ.

૧૭૯. સુવાર્તા ફેલાવવા સારૂ આપણે જાતે શું શું કરવુ જોઇએ?

ઉપદેશ સાંભળવા સારૂ લોકોને બોલાવવા, તેઓની સાથે આત્મિક વાત કરવી, અને તેઓને ધર્મની ચોપડીઓ વાંચવા સારૂ આપવી.

૧૮૦. આખા જગતમાં સુવાર્તાનો ફેલાવો થવા માટે આપણે શુ કરવુ?

પૃથ્વીના સર્વે ભાગમાં સુવાર્તા પ્રગટ કરાય, અને સર્વે લોક ઇસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કરે એવી આપણે રોજ ઘણા આગ્રહથી પરમેશ્વરની પ્રાર્થના કરવી જોઇએ

૧૮૧. જો બધાં માણસ ખરા ખ્રીસ્તી થાય તો તેથી આ જગતમાં પણ કેવાં સારા ફળ નીપજે?

જો બધાં માણસ ખરા ખ્રીસ્તી થાય તો લડાઇ, ચોરી તથા સર્વ પ્રકારના ગુન્હા બંધ થાય; માણસનુ આયુષ્ય લાંબુ થાય; તેમ શાંતિ, સફળતા તથા સુખ સઘળે વધી જાય.

પરલોક વિષે.

૧૮૨. શુ મરણ ખચીત આવશે?

હા; સર્વે માણસને મરવુ ઠરાવેલુ છે, આપણે આપણા મરણનો દિવસ જાણતા નથી, તે માટે સર્વદા તેને સારૂ તૈયાર રહેવું જોઇએ.

૧૮૩. છેલ્લે દહાડે મુએલાં ઉઠાડાશે ત્યારે શું થશે?

ઈશ્વરના પરાક્રમથી તો છેલ્લે દહાડે મુએલાં ઉઠાડાશે, ને તે દહાડે જેઓ હૈયાત હશે તેઓની સંઘાતે તેઓ ઇસુ ખ્રીસ્તના ન્યાયાસનની આગળ ઉભા કરાશે. પછી તેઓએ આ લોકમાં જે ભલું ભુંડું કીધું હોય તેના ન્યાયનો ચુકાદો તેઓ પામશે.

૧૮૪. ન્યાયીઓને શું થશે?

ન્યાયીઓ સ્વર્ગવાસી થઇને પરમેશ્વર તથા તેના પવિત્ર દૂતોની સાથે અત્યંત સુખ ભોગવશે.

૧૮૫. દુષ્ટોને શું થશે?

દુષ્ટો નરકવાસી થઇને શેતાન તથા તેના ભુંડા દૂતોની સાથે પીડા ભોગવશે.

૧૮૬. શુ, સ્વર્ગવાસીઓ તથા નરકવાસીઓ ફરીથી અવતાર પામશે?

ના: ન્યાયીઓ સ્વર્ગના સુખમાં પરમેશ્વર પાસે રહેશે, અને દુષ્ટો પરમેશ્વરથી દૂર, દુ:ખમાં રહેશે. તેઓ ફરીથી અવતાર પામશે નહિ.

સારાંશ.

૧૮૭. આ જગતમાંની સર્વે વસ્તુ કરતાં શી વાત અધિક જરૂરની છે?

આ જગતમાંની સર્વે વસ્તુ કરતાં આત્માનું તારણ અધિક જરૂરનું છે, કેમકે "જો માણસ આખું જગત મેળવે, ને પોતાના આત્માની હાનિ પામે, તો તેને શો લાભ થશે?"

૧૮૮. તમારે પોતાના તારણ વિષે કયારે ચિન્તા કરવી જોઇએ?

મારે હમણાંજ મારા તારણ વિષે ચિન્તા કરવી જોઇએ, કેમકે હમણાં તે કરવુ વધારે સહેલું તથા સારૂં છે, ને મારૂં મરણ કયારે આવશે તેની મને ખબર નથી.

ખ્રીસ્તી ધર્મ સંબંધી બીજી ઘણી ચોપડી ગુજરાતીમાં તૈયાર કરવામાં આવી છે, ને સ કિમતે વેચાય છે; એવી ચોપડીઓ વાંચવાની અ ખ્રીસ્તી ધર્મ વિષે જ્ઞાન પામવાની કોઇને ઇચ્છા તો નીચે આપેલાં શહેરો તથા ગામોમાં પાદરી સાહે રહે છે, તેઓમાંના કોઇ પણ પાદરી સાહેબની મુલાકાત લીધાથી પોતાની ઇચ્છા ફળીભુત થશે.

અમદાવાદ, સુરત, વડોદરા, આણંદ, બોરસદ, ખંભાત, ભરૂચ, અંકલેશ્વર. વલસાડ, જલાલપોર, દેહલું, ગોધરા, દાહોદ, ઝાલોદ, નડિયાદ, પરાંતિજ, વડવાણ કાંપ, ઘોઘા, રાજકોટ, ડીસા. ખેડા, સાણંદ, ધોળકા, મહેમદાવાદ, વિરમગામ, ઇત્યાદિ.